# તક્ષશિલા ગુરુકુલમ બાયડમાં નવરાત્રી મહોત્સવ યોજાયો

બાયડ તા.૧૪

કોરોના ના કારણે ઘણા લાંબા સમયે વિદ્યાર્થી ઓ શાળા માં આવાથી શાળા કેમ્પસ તેમના કિલકિલાટ થી ગુંજી ઉઠ્યું છે શાળા ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલસર દ્વારા ગુરુકુળ મા રહેતા વિદ્યાર્થી ઓ નો આનંદ જળવાઈ રહે તે હેતુ સર ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું હોસ્ટેલ મા રહેતા દાહોદ, ઝાલોદ અને સંતરામપુર ના વિદ્યાર્થી ઓ દ્વારા તેમનું 'આદિવાસી લોકનૃત્ય ટીમલી' ના તેમજ આધુનિક શહેરી ગરબા સ્ટેપ દ્વારા ઉત્સાહક આકર્ષણ જમાવ્યું હતું પોતાના શૈક્ષણિક ઘર મા વિદ્યાર્થી ઓ અતિ ઉત્સાહ સાથે ગરબા રમ્યા હતા શાળા ના સર્વે શિક્ષકો પોતાના પરિવાર સાથે આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના ઉત્સાહમા વધારો કર્યો હતો.



# ધનસુરા શ્રીજી સોસાયટીમાં આઠમના નોરતાએ વેશભૂષાનો રંગ જમાવ્યો

ધનસુરા, તા. ૧૪

નવરાત્રી ના અંતિમ ચરણમાં આઠમ ના દિવસે ધનસુરા માં વિવિધ સ્થળે માતાજી નું હવન કરવામાં આવ્યું હતું. અને ધનસુરા ની શ્રીજી સોસાયટી માં આઠમ ના નોરતાએ રંગ જમાવ્યો હતો. ધનસુરા ની શ્રીજી સોસાયટી માં નવરાત્રી માઈમંડળ ના પ્રમુખ નરેન્દ્રભાઈ શાહ અને મંત્રી જીગર કોઠારી એ વેશભૂષા સ્પર્ધા નું આયોજન કર્યું હતું લોકો રાત્રે મોડા સુધી ઢોલ ના તાલે સંગીત ના સુરે ગરબે ઘુમ્યા હતા.



## જન્મદિને વધામણી



ભરતભાઈ નટુભાઈ પટેલ
સુપરવાઇઝર, સાબરડેરી
હિંમતનગર
બાયડ (રડોદરા)



નારાયણભાઈ ચીમનભાઈ પટેલ
લિંબ તા. બાયડ

# ધનસુરા કોલેજમાં એન.એસ.એસ.ના ઉપક્રમે બીજા ડોઝના રસીકરણનું આયોજન

ધનસુરા, તા. ૧૪

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરામાં એન.એસ.એસ.ના ઉપક્રમે કોવિડ- ૧૯ ની સુરક્ષા હેતુ માટે ધનસુરા કોલેજના વિદ્યાર્થીઓ માટે એન.એસ.એસ વિભાગ તથા ભેંસાવાડા આરોગ્ય કેન્દ્ર ના સહયોગથી રસીકરણ ના બીજા ડોઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ડોઝ લીધેલ વિદ્યાર્થીઓને બીજો ડોઝ આપવામાં આવ્યો હતો જેમાં કુલ ૫૫ વિદ્યાર્થીઓ એ લાભ લીધો હતો પ્રિ. પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ તથા એન.એસ. એસ કો.ઓર્ડિ. ડો.ગોપલભાઈ પટેલ, પ્રા. દીપ્તિબેન તથા પ્રા.ભારતી બેન એ વિદ્યાર્થીઓ માટે જરૂરી સગવડ ઉભી કરી હતી અને આ સેવાકીય પ્રવૃત્તિ માં જોડાયા હતા ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામી તથા ભેંસાવાડા આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર મૌલિકભાઈ પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મીઓ કોવિડ ૧૯ ની વેકસીન આપી વિદ્યાર્થીઓ ને મદદરૂપ બન્યા હતા.




### ભૂગર્ભ જળસ્તર સુધરતાં પાણીની સમસ્યાથી રાહત

# જિલ્લામાં બોરકુવા રીચાર્જ થતાં જળસપાટીમાં સુધારો: ઉનાળામાં ઉંડે ગયેલાં પાણી ૧૦ ફૂટ ઉંચે આવ્યાં

મોડાસા, તા.૧૩

જિલ્લામાં કાળઝાળ ઉનાળા દરમ્યાન પાણીની વિકટ સમસ્યા ઉભી થઈ. ભૂગર્ભ જળ ઉંડે જતાં બોરકૂવાનાં તળ છેક તળીયે પહોંચી જતાં સિંચાઈ માટે તેમજ પીવાના પાણી માટે એક તબ કલે ખેડૂતો તેમજ પ્રજા હાલાકીમાં મૂકાઈ પરંતુ ચોમાસાના આરંભે ભલે વરસાદે લાંબી રાહ જોવડા વી હોય પરંતુ ભાદરવા માસમાં સાર્વત્રિક વરસાદ વરસવાથી પાણીનું ચિત્ર એકંદરે સુધારા ઉપર આવ્યું છે. જિલ્લામાં સતત વરસાદના કારણે નદી, તળાવ અને ચેકડેમની સાથે મોટા જળાશયોમાં પાણીની મહામ આવક થતાં ભૂગર્ભ જળસ્તર ઉપર આવી રહ્યાં છે. ચોમાસા પૂર્વે સુજલામ સુફ લામ જળ મહાઅભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરવામાં આવ્યાં જેનો સીધો ફાયદો વરસાદી પાણી ડીની આવક જમા થવાથી થઈ રહ્યો છે. બોરકુવા રીચાર્જ થવાના કારણે પીવાના પાણીની સમસ્યા સાથે ખેડૂતો માટે સિંચાઈનો પ્રશ્ન વર્તમાન વરસાદે ઉકેલી નાખ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ઉંડે ગયેલ હેન્ડપંપનાં પાણી વરસાદ બાદ ફરીથી જીવંત બન્યા છે. ચેકડેમ તેમજ તળાવોમાં વરસાદી પાણી નો સંગ્રહ થવાથી તેનો સીધો ફાયદો ભૂગર્ભ જળ સપાટીને થતાં ઉનાળામાં જે બોરકૂવામાં પાણી ૫૦ થી ૬૦ ફૂટની ઉંડાઈએ પહોંચી ગયા હતા ત્યાં પાણીની સપાટી ૧૦ ફૂટ ઉપર આવી છે. ટૂંકમાં સારા વરસાદના કારણે હવે જળસ્તરમાં ફાયદારુપ સુધારો જણાઈ રહ્યો છે.



### હેન્ડપંપની પાણીની સપાટીમાં સુધારો - નાયબ કાર્યપાલક ઈજનેર

ભાદરવા મહિનામાં સાર્વત્રિક મેઘમહેર થતાં મોટા જળાશયો, તળાવો, ચેકડેમમાં પાણીનો સંગ્રહ થતાં તેનો સીધો ફાયદો ભૂગર્ભ જળસ્ત્રોતને થયો છે. ઉનાળા દરમ્યાન પાણી ઉંડાં જવાથી હેન્ડપંપ ડચકા ખાવા લાગ્યા હતા પરંતુ હવે પાણીની સપાટીમાં સુધારો જણાયો છે. અરવલ્લી જિલ્લા પાણી પુરવઠા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર એમ.એચ.મોમીને જણાવ્યું છે કે સારા વ રસાદને લીધે હેન્ડપંપની પાણીની સપાટીમાં સારો સુધારો જણાયો છે. એકંદરે ભૂગર્ભ સપાટી ઉપ ર આવતાં હેન્ડપંપ દ્વારા આસાનીથી પાણી મળવા લાગ્યું છે.

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## રક્તદાન મહાદાન

### અન્ય માર્ગો ઉપર ખાડા પૂરવાની શરૂઆત

# વાત્રક-બાયડ-કપડવંજ માર્ગ ઉપર મરામતનું કામ ભૂલાયું

### નડીયાદ ડીવીઝનના ઈજનેરની મનમાની સામે રોષ

મોડાસા, તા.૧૪

રાજ્યના પાકા ડામર માર્ગો ઉપર ખાડા પડી જતાં ચોમાસા દરમ્યાન અનેક વાહન ચાલકો પટકાઈ ગંભીર ઈજાનો ભોગ બન્યા છે. નવી રાજ્ય સરકારના મંત્રી દ્વારા તા.૧ થી ૧૦ ઓક્ટોબ ર દરમ્યાન ખાડા પૂરવાનું અભિયાન શરુ કરવામાં આવ્યું છે પરંતુ વાત્રક-બાયડ-કપડવંજ માર્ગ ઉં પર ૩ દિવસ પછી પણ મરામતનું કામ હાથ ધરાયું નથી. નડીયાદ ડીવીઝનના ઈજનેરની મનમા ની સામે રોષ વ્યાપ્યો છે.

અરવલ્લી જિલ્લામાં મોડાસા-ધનસુરા-બાયડ-કપડવંજ-નડીયાદ સ્ટેટ હાઈવે અત્યંત જોખમ ૧ બની ગયો છે. દિલીપ બિલકોન કંપનીને કોઈ રાજકીય આશીર્વાદ મળ્યા હોય તેમ વાહન ચાલક ાૈ ભલે મોતને ભેટે અસમતોલ રોડની મરામત નહીં કરીએ તેવી જીદ સાથે કામ કરી રહી છે અને ભ્રષ્ટ ઈજનેરો તેમાં સામેલ થયાના લોક આક્ષેપ જગજાહેર થઈ રહ્યા છે. રાજ્યમાં મુખ્ય મંત્રી સહિ ત પ્રધાન મંડળ બદલાયું અને માર્ગ અને મકાન મંત્રી તરીકે નિયુક્ત થયેલા પૂર્ણેશ મોદી દ્વારા મા – મરામત મહાઅભિયાન પોસ્ટ સોશ્યલ મીડીયામાં મૂકી પોતાના વિસ્તારના ભંગાર રોડની વિગ ત અને ફોટા મોકલવા જણાવ્યું. એક જ દિવસમાં બાયડ-ધનસુરા-મોડાસા-કપડવંજ હાઈવેના ભે ગાર રોડ બાબતે સૌથી વધુ ફરિયાદો વિભાગમાં પહોંચી. તા.૧ ઓક્ટોબરથી ઊંટની પીઠ જેવા બનેલા ભંગાર રોડનું સમારકામ થશે તેવી પ્રજાને અપેક્ષા હતી પરંતુ અહીંયાં તો વિભાગના અધિ કારી ઉંઘમાં આળોટતા હોય તેમ ૩ દિવસ પછી પણ વાત્રક-બાયડ-ડેમાઈ સુધીના અસમતોલ રોડ ના સમારકામ માટે કોઈ કાર્યવાહી થઈ નથી. જ્યારે અન્ય રોડમાં પડેલાં ગાબડાંમાં પેચવર્ક શરુ થ યું છે.

### બાયડમાં ભંગાર રોડ છે જ નહીં - ઈજનેર

નડીયાદ તાબાના ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર નીતિન અગ્રવાલે જણાવ્યું કે બાયડમાં ભંગાર રોડ જ નથી અને જ્યાં ભંગાર રોડ હતો ત્યાં અમે પેચવર્ક કરી દીધું છે. બાયડ તાલુકાની ૪ લાખથી વધુ માનવ વસતીને મુર્ખ બનાવતા ઈજનેર સામે વિભાગ પગલાં ભરશે ખરો ?

# ધનસુરા પ્રા.શાળા નંબર-૧ માં દીકરીઓને સ્વેટર વિતરણનો કાર્યક્રમ યોજાયો

### જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપસ્થિત રહ્યા હતા

ધનસુરા,તા. ૧૪

ધનસુરા પ્રાથમિક શાળા નંબર-૧ ખાતે દીકરીઓને સ્વેટર વિતરણ નો કાર્યક્રમ યોજાયો હતો.શાળામાં ફરજ બજાવતા કલ્પેશભાઈ.ડી. પ્રજાપતિ ને જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરાયુ હતું જેમાં પારિતોષિક રૂપે મળેલ ધનરાશી માંથી ધોરણ ૧ થી ૮ ની ૧૦૪ દીકરીઓને સ્વેટર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું સાથે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલ,ડાયટ લેક્ચરર એન. ડી.પટેલ, ગોવિંદભાઈ, બી.આર.સી મનીષભાઈ પટેલ , બીટ કેળવણી નિરીક્ષક શ્રી,સી.આર.સી ઉપસ્થિત રહ્યા હતા શાળાના આચાર્યશ્રી તથા તમામ સ્ટાફે જહેમત ઉઠાવી કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે હેતુ માટે આ કાર્યક્રમ યોજાયો હતો



# ધાનેરામાં નવરાત્રિની આઠમ નિમીત્તે મહાઆરતીનું આયોજન

ધાનેરા, તા. ૧૪

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં નવરાત્રિની આઠમ નિમીત્તે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું વિવિધ વિસ્તારના શેરી ગરબામાં માતાજીની આરતી કરી લોકોએ પૂજા-અર્ચના કરી. નવરાત્રિની આઠમ નિમીત્તે ધાનેરા મધુસુદન વીલા ના રહીશો દ્વારા પોતાની સોસાયટીમાં



આરતીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સોસાયટીના લોકો સહિત આમંત્રિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ લોકોએ ભેગા મળી માતાજીની આરતી ઉતારી પૂજા-અર્ચના કરી હતી તો બીજી તરફ ધાનેરાના અંબાજી મંદિર ખાતે પણ મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને તે બાદ ગાયત્રી મંદિર ખાતે પણ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું અને સાથે સાથે લોકોને કોરોના થી જાગૃતિ લાવવા માટે કોરોના વિશેની રંગોલી પણ કરવામાં આવી હતી લોકોએ માતાજી ની મહાઆરતી કરી દેશ અને દુનિયામાંથી તાત્કાલિક ધોરણે દૂર થાય તેવી પ્રાર્થના પણ કરી તે બાદ ગરબાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને લોકો મન મૂકીને ગરબે રમ્યા હતા.

# ધનસુરા તાલુકાના રામપુર ગામના ગ્રામજનોમાં વ્યાપક આક્રોશ...



ધનસુરા તા.૧૪

પ્રાપ્ત માહિતી મુજબ રામપુર ગ્રામજનોના જણાવ્યા મુજબ બે વર્ષથી નવી ગ્રામ પંચાયત નું મકાન તૈયાર હોવા છતાં આજ દિન સુધી ગ્રામ પંચાયતમાં ઓનલાઈન કામગીરી માટે કોઈ સુવિધા નથી ઓનલાઈન માટે પશુપાલકો વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને બીજા ગામ અથવા નજીકમાં આવેલા વડગામ ખાતે ઓનલાઈન પ્રક્રિયા કરાવવા ધક્કા ખાવા પડે છે ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઉપલબ્ધ નથી ફર્નિચર ના કોઈ ઠેકાણા નથી પંચાયતમાં પેવર બ્લોક અને સી.સી.રોડ માટે કોઈ ગ્રાન્ટની ફાળવણી થતી નથી આવી અનેક મુશ્કેલીઓ ગ્રામજનને પડકારરૂપ લાગી રહી છે ગામમાં ગ્રામ પંચાયત હોવા છતાં લોકોને પોતાની કામગીરી કરાવવા અડચણો ભોગવવી પડે છે છેલ્લા બે વર્ષથી કોઈ પણ યોજના માંથી રોડ કે પેવર બ્લોકનું કામ કાજ ગ્રામ પંચાયત વિસ્તારમાં ગ્રાન્ટ ફાળવણીના અભાવે થયેલ નથી જેથી ગ્રામજનો આક્રોશ સાથે આગામી વિધાનસભાની ચૂંટણી ની રાહ જોઈ રહ્યા છે વિકાસ ગાથા ગાતાં ભાજપ સરકાર પાસે વિવિધ યોજનાનો સત્વરે લાભ મળે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે તો આગામી સમયમાં આવતી વિધાનસભામાં પરિણામો ભોગવવા તૈયાર રહો તેઓ ગ્રામજનોમાં આક્રોશ જોવા મળતો હતો

### રવિ વાવેતર ઘાંચમાં પડવાની સંભાવના

# સાબારકાંઠા - અરવલ્લીમાં તાપમાનનો પારો ૩૪ ડિગ્રી

### બપોરે આકરી ગરમીથી પ્રજા - ખરીદી માટે આવેલા લોકો ત્રાસ્યા

બાયડ, તા. ૧૪

સાબરકાંટા - અરવલ્લીમાં ગુરુવારે બપોરે તાપમાનનો પારો ૩૪ ડિગ્રીએ આંબતા આકરી ગરબીથી પ્રજા - ખરીદી માટે આવેલા લોકો ત્રાસ્યા હતા. તાપમાનનો પારો ઉચકાતાં રવિ ખેતીનું વાવેતર ઘાંચમાં પડી શકે છે. જિલ્લામાં ચોમાસાની વિદાય વચ્ચે પાછલા ૩ નોતરામાં હિંમતનગર-બાયડના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદની હાજરી જોવા મળી હતી. વરસાદથી ખેડૂતોને નુકશાન છે પરંતુ ગરમી-બફારામાં વિલાતી પ્રજાને રાહત મળે છે. જિલ્લામાં શિયાળો કયારે શરૂ થશે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ પાછળા ૩-૪ દિવસથી ઉનાળો શરૂ થયા જેવું વાતાવરણ છે. ગુરવારે આકાશમાંથી અગનગોળા વછૂટતા હોય તે રીતે તાપમાનનો પારો ૩૪ ડિગ્રીને આંબી ગયો હતો. આ જ રીતે ગરમીનો પારો જળવાયેલો રહે તો ઘઉં-વરિયાણી-જીરુ-રાયડાની વાવણી વિલંબમાં પડી શકે છે.



પાલનપુર કોલેજ કમ્પાઉન્ડમાં આયોજન પણ કરવામાં આવ્યું હતું છેલ્લા નોરતાંમાં લોકો મન મૂકીને ગરબે રમ્યા હતા.

### માંસાહારી ભોજન આરોગનારા લોકોના આરોગ્ય ઉપર ખતરો

# જિલ્લામાં ખાદ્ય સામગ્રીના નમૂના લેવામાંથી નોનવેજ-ઈંડા બાકાત

### સરકાર ફુડ સ્ટાન્ડર્ડ એક્ટમાં ઈંડાનો ઉલ્લેખ ભૂલી

મોડાસા, તા.૧૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ખાદ્ય સામગ્રીના નમૂના સરકારના ફૂડ સ્ટાન્ડર્ડ એક્ટ હેઠળ લેવા માં આવે છે પરંતુ નોનવેજ અને ઈંડાં તેમાંથી બાકાત રહ્યાં છે. સરકાર ફુડ સ્ટાન્ડર્ડ એક્ટમાં નોન વેજ-ઈંડાનો ઉલ્લેખ ભૂલી હોય તેવું લાગી રહ્યું છે જેના કારણે બિનશાકાહારી લોકોના આરોગ્ય ઉપર દેખીતું જોખમ જણાઈ રહ્યું છે. ખાદ્ય સામગ્રીના નમૂના લેવાયા છે પરંતુ નોનવેજનાં સેમ્પલ લેવાની એક્ટમાં કોઈ જોગવાઈ ન હોય તેવી સ્થિતિ છે.

જિલ્લામાં ફુડ વિભાગ દ્વારા દરેક ખાણીપીણીના ધંધાર્થીઓના સ્થળ ઉપરથી ખાદ્ય પદાર્થ ના સેમ્પલ લેવામાં આવે છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૩૦૦૦થી પણ વધુ સ્થળોએ વેચાતા નોનવેજ અને ઈંડાંનાં સેમ્પલ ક્યારેય લેવામાં આવતાં નથી. જાણવા મળ્યા મુજબ ફુડ સ્ટ ન્ડિર્ડ એક્ટમાં ઈંડાનાં સેમ્પલ લેવાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સરકાર ઈંડા સહિત તે માંથી બનતી નોનવેજ ખાદ્ય સામગ્રીને એક્ટમાં ભૂલી ગઈ છે જેના કારણે સ્વાદ રસીયાઓ ઉપર જોખમ છે. જિલ્લામાં ઈંડા ખાનારાઓનો મોટો વર્ગ છે અને વર્તમાન રોગચાળાના સમયમાં સાવ ચેતી રાખવી જરુરી હોવા છતાં ઈંડા કે તેમાંથી બનતી ચીજવસ્તુઓના સેમ્પલ લેવાનો કોઈ નિય મ જ ન હોવાની વિગતો બહાર આવી છે. ઈંડાની એક્સપાયરી ડેટ કેવી રીતે ગણવી તેનો જવાબ સરકાર અને ફૂડ વિભાગ પાસે નથી. સામાન્ય રીતે ઈંડાનું આયુષ્ય ૭ દિવસનું હોય છે. જો તેને ફ્રીજમાં રાખવામાં આવે તો આયુષ્ય ડબલ થઈ જતું હોય છે પરંતુ જિલ્લામાં ઈંડાના ધંધાર્થીઓ ફ્ જિનો ઉપયોગ કરતા જ ન હોવાથી મોટાભાગે વાસી ઈંડાં ગ્રાહકોને પધરાવી દેવાતાં હોવાની ચા ર્ચા છેડાઈ છે. એક તરફ ટીવી માધ્યમોમાં સન્ડે હો યા મન્ડ રોજ ખાઓ અન્ડ..દ્વારા ઈંડાના ઉપ યોગની હીમાયત કરવામાં આવે છે પરંતુ ફુડ સ્ટાન્ડર્ડ એક્ટમાં સરકાર તેનો ઉલ્લેખ કરવાનું જ ભ ભૂલી ગઈ છે.

નોનવેજ-ઈંડાના સેમ્પલ લેવાતા નથી –જિલ્લા ફૂડ અધિકારી ફુડ સ્ટાન્ડર્ડ એક્ટમાં સરકાર ઈંડાનો ઉલ્લેખ કરવાનું ભૂલી છે જેથી ફૂડ વિભાગ ઈંડાના નમૂના લ ઈ શકતું નથી. જ્યારે આવી સ્થિતિ નોનવેજની છે ત્યારે જિલ્લા ફડ અધિકારી બી. એમ. ગણાવ નો સંપર્ક કરતાં નોનવેજ અને ઈંડાનાં સેમ્પલ લેવાની વિભાગમાં કોઈ કાર્યવાહી થતી ન હોવાનું જણાવ્યું હતું.